પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

2022 2022

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૮૫ | ૫ જુન, ૨૦૨૨, રવિવાર; જયેષ્ઠ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦



## જમ્મુ-કાશ્મીરમાં વકરતો ત્રાસવાદ

# શોપિયામાં ત્રાસવાદીઓના સર્ચ ઓપરેશનમાં ગાડીમાં બ્લાસ્ટ : એક જવાન શહીદ, બે ઈજાગ્રસ્ત

### ટાર્ગેટ એરિયામાં મૂવમેન્ટ માટે એક સિવિલ ગાડીને ભાડે લેવામાં આવી હતી : આ ગાડીમાં ૩ સૈનિકો સવાર હતા

શ્રીનગર, તા.૪

જમ્મૂ કાશ્મીરના શોપિયા વિસ્તારમાં એક પ્રાઈવેટ ગાડીમાં થયેલા બ્લાસ્ટમાં એક સૈનિકનો જીવ જતો રહ્યો છે અને બે અન્ય સૈનિક ગંભીરરૂપથી ઘાયલ થયા છે. આ ત્રણેય સૈનિક એક ઓપરેશનમાં ભાગ લેવા માટે આ ગાડીમાં જઈ રહ્યા હતા. રક્ષા મંત્રાલયના શ્રીનગર સ્થિત પ્રવકતા લેફ્ટિનેંટ કર્નલ ઈમરોન મૌસવીના અનુસાર શુક્રવારની સવારે દક્ષિણી કાશ્મીરના શોપિયા જિલ્લાના પટ્ટીટોહલન વિસ્તારમાં એક ગુપ્ત



સૂચનાના આધાર પર સુરક્ષાબળોને કોર્ડન એન્ડ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ટાર્ગેટ એરિયામાં મૂવમેન્ટ માટે એક સિવિલ ગાડીને ભાડે લેવામાં આવી હતી. આ ગાડીમાં ત્રણ સૈનિકો સવાર હતા. તે દરમિયાન આ ગાડીમાં એક બ્લાસ્ટ થયો જેથી ત્રણ સૈનિકો ગંભીર રીત ઈજાગ્રસ્ત થયા.

બ્લાસ્ટમાં ઘાયલ થયેલા ત્રણેય સૈનિકોને પહેલાં જિલ્લા હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા અને પછી શ્રીનગર સ્થિત ૯૨ બેસ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. સ્થિતિ બગડતાં નાયક પ્રવીણને ઉધમપુર સ્થિત કમાંડ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું છે. સેનાના અનુસાર નાયક પ્રવીણ ઉત્તરાખંડના ટિહરી ગઢવાલના રહેવાસી હતા અને તેમના પરિવારમાં પત્ની અને એક છ વર્ષનો પુત્ર છે. ઉધમપુરમાં વીરગતિને પ્રાપ્ત થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી. શ્રદ્ધાંજલિ આપનાર ચિનાર કોરના કમાંડ્ર, અમરદીપ સિંહ ઔજલા પણ સામેલ થયા.

# મે માસમાં દેશમાં સેન્ટ્રલ પૂલમાં ઘઉંનો સ્ટોક પાંચ વર્ષના તળિયે

### સેન્ટ્રલ ફુડગ્રેઈન્સ પ્રોક્યોરમેન્ટ પોર્ટલ પર ડેટામાં ગંભીર બાબત સામે આવી : ખરીદી વધારવા સરકારે ઘઉંની નિકાસ પર પ્રતિબંધ લાગુ કર્યો, એ સમયે એવું લાગતું હતું કે, ખેડૂતો ઉપજ વેચવા મંડીઓમાં આવશે પરંતુ તેમ ન બન્યું

નવી દિલ્હી, તા.૪

જે પ્રકારે અનુમાન લગાવાયું હતું તે મુજબ રવિ માર્કેટિંગ સીઝનમાં ઘઉંની સરકારી ખરીદી સંશોધિત લક્ષ્ય સુધી પણ નથી પહોંચી શકી. સેન્ટ્રલ ફુડગ્રેઈન્સ પ્રોક્યોરમેન્ટ પોર્ટલ (સીએફપીપી) પર ઉપલબ્ધ ડેટા પ્રમાણે આ સીઝનમાં ૧૮૭ લાખ ટન કરતાં પણ ઓછા ઘઉંની ખરીદી થઈ છે. જ્યારે સરકારનું સંશોધિત લક્ષ્ય ૧૯૫ લાખ ટનનું હતું.



ઓછી ખરીદીના કારણે મે મહિનામાં સેન્ટ્રલ પૂલમાં ઘઉંનો સ્ટોક ૫ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયો છે. ભારતીય ખાદ્ય નિગમ (એફસીઆ)ના અહેવાલ પ્રમાણે આ વર્ષે મે મહિનામાં ઘઉંનો સ્ટોક ૩૦૩.૪૬ લાખ ટન હતો. મે મહિનામાં આનાથી ઓછો સ્ટોક વર્ષ ૨૦૧૭માં ૨૯૬.૪૧ લાખ ટનનો નોંધાયો હતો.

ખરીદી વધારવા માટે સરકારે ૧૩ મેના રોજ ઘઉંની નિકાસ પર પ્રતિબંધ લાગુ કરી દીધો હતો. એ સમયે એવું માનવામાં આવતું હતું કે, ખેડૂતો પોતાની ઉપજ વેચવા માટે મંડીઓમાં આવશે પરંતુ તેમ ન બન્યું. નિકાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો ત્યાં સુધીમાં ૧૭૯.૮૯ લાખ ટન ઘઉંની સરકારી ખરીદી થઈ હતી. તાજેતરના ડેટા પરથી પ્રતિબંધ બાદ અત્યાર સુધીમાં ૭ લાખ ટન ઘઉંની ખરીદી થઈ હોવાનું જણાઈ રહ્યું છે.

ગત વર્ષે ઘઉંની ૪૩૪ લાખ ટન ખરીદીને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આ વર્ષે ૪૪૪ લાખ ટન ઘઉંની ખરીદી માટેનો લક્ષ્ય નિર્ધારિત કર્યો હતો. જોકે ત્યાર બાદ તેમાં સંશોધન કરીને લક્ષ્યાંક અડધાથી પણ ઓછો, ૧૯૫ લાખ ટનનો કરી

● અનુસંધાન પાન-૭ પર

# દક્ષિણ-પશ્ચિમી ચોમાસુ ૪ દિવસ પહેલાં પહોંચી ગયું પશ્ચિમ બંગાળ

### પ. બંગાળના સમુદ્રી વિસ્તારમાં ભારે વરસાદનું અનુમાન

નવી દિલ્હી, તા.૪

દક્ષિણ પશ્ચિમી મોનસૂન નક્કી સમય કરતા ચાર દિવસ પહેલાં પશ્ચિમ બંગાળ પહોંચી ગયું છે. તેવામાં પશ્ચિમ બંગાળના સમુદ્રી વિસ્તારમાં ભારે વરસાદનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ અનુસાર પૂર્વોત્તર રાજ્યોમાં મોનસૂન પહોંચવાને કારણે અસમ અને મેઘાલયમાં વરસાદની સંભાવના છે. તો ઉચ્ચરી ઓડિશાના સમુદ્રી ભાગ અને પશ્ચિમ બંગાળના ગંગાવાળા ભાગ પર એક ચક્રવાત પરિભ્રમણ બનવા અને બંગાળની ખાડીથી પૂર્વોત્તર ભારત તરફ ઝડપી દક્ષિણ-પશ્ચિમી હવાઓ ચાલવાને કારણે આગામી પાંચ દિવસ દરમિયાન પૂર્વોત્તર રાજ્યો અને ઉપ-હિમાલયી બંગાળમાં ભારે વરસાદ થશે. હવામાન વિભાગે જણાવ્યું કે દક્ષિણ પશ્ચિમ મોનસૂન ઉત્તર-પશ્ચિમ બંગાળના ખાડીના

● અનુસંધાન પાન-૭ પર

# મહારાષ્ટ્રમાં ફરજિયાત માસ્ક પહેરવાનો સરકારનો આદેશ

### ત્રણ દિવસથી કોરોનાના ૧૦૦૦થી વધુ કેસ નોંધાતા ટાસ્ક ફોર્સની બેઠકમાં નિર્ણય

મુંબઈ, તા.૪

દેશની આર્થિક રાજધાની મુંબઈ સહિત રાજ્યમાં કોરોના કેસમાં થઈ રહેલા સતત વધારાને કારણે ઉદ્ધવ સરકાર એક્શનમાં આવી છે. મહારાષ્ટ્ર સરકારે ફરી રાજ્યમાં કોરોના સામે લડવા માટે માસ્ક ફરજિયાત કર્યું છે.

મહારાષ્ટ્ર સરકારે કોવિડના કેસોમાં થયેલા વધારાને કારણે ખુલ્લી જગ્યાઓ સિવાય જાહેરમાં ફરજિયાત માસ્કનો આદેશ આપ્યો છે. મહારાષ્ટ્રના આરોગ્ય વિભાગે ૩ જૂનના રોજ જિલ્લા અને નગરપંચાયત અને મહાનગર પાલિકાને કોરોનાવાયરસનું ટેસ્ટિંગ વધારવા પણ સૂચન કરાયું છે.

લોકોએ ટ્રેન, બસ, સિનેમાઘરો, ઓડિટોરિયમ, ઓફિસો, હોસ્પિટલો, કોલેજો અને શાળાઓ જેવી બંધ જાહેર જગ્યાઓ પર માસ્ક ફરજિયાત પહેરવું જોઈએ.

સતત ત્રીજા દિવસે રાજ્યમાં કોરોનાનો કહેર વધતો થઈ રહ્યો છે. જુન મહિનાના ત્રણેય દિવસમાં કોરોનાના ૧૦૦૦થી વધુ કેસ નોંધાતા

● અનુસંધાન પાન-૭ પર




હૃદયસ્થ એમ.જી. પુનાતર

મહાપ્રણાય : ૨૮ મે, ૨૦૨૨

# ભાવભીની અંજલિ

અમારા માર્ગદર્શક અને પૂર્વ મેનેજીંગ ડાયરેક્ટર
'પુનાતર સાહેબ'ની
અણધારી વિદાયથી ભારે આઘાતની લાગણી અનુભવીએ છીએ.
કલ્પતરૂ પરિવારના સામાજિક અને આર્થિક વિકાસમાં
સતત પ્રોત્સાહક સહયોગ આપતા
'પુનાતર સાહેબ'ને ક્યારેક ભૂલી શકીએ એમ નથી...
આવો, સાથે મળી આ પુણ્યાત્માને અંજલિ આપીએ....

શાંતિ - પ્રાર્થના કરીએ...

તા. ૦૬-૦૬-૨૦૨૨, સોમવારે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે
સ્થળ : કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમીટેડ, સેકટર-૨૮, ગાંધીનગર

સદ્‌ગતના આત્માને શાંતિ માટે પરમતત્વને પ્રાર્થના....

મોફતરાજ મુનોત
ગ્રુપ ચેરમેન

પરાગ મુનોત
પ્રમોટર ડિરેક્ટર

મનીષ મોહનોત
મેનેજીંગ ડિરેક્ટર

એમ.એ. બારૈયા
પ્રેસિડેન્ટ (HR)

કમલ જૈન
ડિરેક્ટર

કલ્પતરૂ પરિવાર - ગાંધીનગર